**TIME: - 3 HOURS** **SUBJECT – GUJARATI** **MARKS -80**

[ વિદ્યાર્થીઓ માટે સૂચના ]

- આકલન કૃતિ અને વ્યાકરણ કૃતિ માટે જ્યાં જરૂરી જણાય ત્યાં આકૃતિઓ દોરવી .
- આકૃતિઓ પેનથી જ દોરવી ,પેન્સિલથી નહિ .
- જરૂરી જણાય ત્યાં ઉત્તર પૂર્ણ વાક્યમાં લખવા .
- લેખન વિભાગમાંનાં નિવેદન કે સૂચના ફરીથી લખવા નહિ .
- આકૃતિમાં મજકૂર પેનથી લખવું .

## વિભાગ -૧ ગદ્ય (૨૦ ગુણ)

કૃતિ ૧ .(અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો . (૦૮)

(૧) ગદ્યાંશના આધારે લખો . (૨)

૧) લેખકનું આજની તારીખે પણ પહેલું લક્ષણ - ____________

૨) લેખકની ભાવિ આત્મકથાનું નામ હશે -________________

૩) લેખક જન્મથી જ હતા - ____________

૪) સંપાદકશ્રીએ આપેલું પુસ્તકનું નામ -________________

('બત્રીસલક્ષણા બકુલ ત્રિપાઠી' એ નામનું મારું પુસ્તક હમણાં પ્રગટ થયું. હાસ્યરસના મારા લેખોનું આ સંપાદિત પુસ્તક છે. પુસ્તકના સંપાદકશ્રીને મેં પૂછયું, 'તમે મને પૂછયા વિના જ આવું શીર્ષક શા આધારે બાંધી દીધું ? મારાં બત્રીસ લક્ષણો કયાં ?' સંપાદકશ્રી વદ્યા 'એ તો તમારે શોધી કાઢવાનાં. મેં તો શીર્ષક આકર્ષક લાગ્યું એટલે રાખી દીધું' કયાં હશે મારાં બત્રીસ લક્ષણો ?' – શોધવાના નમ્ર પ્રયાસ રૂપે આ લેખ... બ. ત્રિ.)

નાનપણમાં મારા પિતાજીએ મારું મુખ્ય લક્ષણ ગણાવેલું – ભણેશરી હોવાનું ! મારા મોટાભાઈ જોડે સરખામણી કરતાં એ કહેતા. "આ મોટો તોફાની છે. ભણવાની દાનત જ નથી. હા આ બકુલના લક્ષણ ખરાં, ભણવાના !" જોકે ખાનગી હકીકત એટલી જ કે મારા મોટાભાઈ પ્રામાણિક હતા અને હું જન્મથી જ 'એક્ટર" હતો ! માર ખાવાનો એમનો જ વારો આવતો, કારણ એ બહાદુરીથી પ્રામાણિકપણે ગુનો કબૂલ કરી લેતા,જ્યારે હું આંખમાં, વગર ગ્લિસરીને ઝળઝળિયાં લાવી શકતો. અને એવા તો નિર્દોષ ચહેરે કહેતો કે "વાંક ગમે તેનો હોય, પણ એમને નહીં મને વઢો કારણ ગમે તેમ તોય એ મારા મોટાભાઈ છે." અને અમારા વડીલ મારી ખાનદાની શહીદીથી એવા તો પ્રભાવિત થઈ જતા કે... માર મોટાભાઈને જ પડતો ! આ બધું ભવિષ્યમાં મારે મારી આત્મકથામાં લખવું જ છે. આત્મકથાનું નામ હશે 'પાપ તારાં પરકાશ !' એક્ટિંગ કરવી, વાનરવેડા કરવા છતાં નિર્દોષ મોં રાખી શકવાની શક્તિ એ મારું પ્રથમ લક્ષણ આજેય !

(૨) કારણ લખો . (૨)

૧) માર ખાવાનો વારો મોટાભાઈનો આવતો આવતો કારણ કે ----------------

૨) સંપાદકે પુસ્તકનું શીર્ષક બત્રીસ લક્ષણા બકુલ ત્રિપાઠી રાખ્યું કારણ કે ---------------

(૩) લખો . (૨)

(૧) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો .

૧) સંપાદન કરનાર - 　　　　　૨) દોષ વિનાનું -

(૨) સમાનર્થી શબ્દ લખો .

૧) તુલના - 　　　　　૨) નિરપરાધી -

(૪) તમારા જીવનની કોઈ હાસ્ય રેલાવતી ઘટના વર્ણવો . (૨)

(આ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (૦૮)

(૧) આકૃતિબંધ પૂર્ણ કરો . (૨)

સુશ્રુતે તેમના ગ્રંથમાં લખેલ સર્જરીના નામ

| | | | |
|---|---|---|---|
| | | | |

સુશ્રુત પ્રાચીન ભારતના મહાન તબીબ હતા. તેઓ ઈસુ પહેલાની છઠ્ઠી સદીમાં થયા. તેઓને દુનિયા સર્જરીના જનક તરીકે ઓળખે છે. નાક, કાન અને હોઠને સુડોળ કરવા તેઓ ગાલ પરની ચામડીનો ઉપયોગ કરતા. દુનિયામાં પ્લાસ્ટિક સર્જરીના તે જનક હતા. ભારતીયો સર્જરીમાં એટલા નિપુણ હતા કે તેઓના સર્જરીનાં ઉપકરણો માથાના વાળના બે ફાડિયા કરી શકતા. સુશ્રુતે ૧૨૫ જાતનાં સર્જિકલ ઉપકરણો વિકસાવ્યાં હતાં અને તેની મદદથી તે સર્જરી કરતા હતા. તેમાં સૂઈ, ખોતરવાનાં ઉપકરણો, દાંત વગેરે પકડી ઉખેડવાનાં ઉપકરણો વગેરે હતાં. તે હકીકતમાં પશુ- પંખીના દાંત, જડબાં, નખ વગેરેની કામગીરી જોઈને બનાવેલાં હતાં. ઓપરેશન પછી શરીરનાં અવયવો અને ચામડીને સાંધવાની રીતોનું પણ તેમણે વર્ણન કર્યું છે અને વ્યાખ્યા આપી છે. સંધિવા માટે તેઓ ઘોડાનાવાળ કે વૃક્ષની છાલના ઝીણા રેશાનો ઉપયોગ કરતા. તેમણે સુશ્રુત સંહિતામાં ૩૦૦ જાતનાં ઓપરેશનો અને ૪૨ જાતની સર્જરી કરવાની રીતોનું વર્ણન કર્યું છે. સુશ્રુતે તેમના ગ્રંથમાં આઠ જાતની સર્જરી વિશે લખ્યું છે. આહાર્યમ (વસ્તુને શરીરમાંથી ખેંચી કાઢવી),ભેદ્યમ (કાપકૂપ કરવી), છેદ્યમ (ચીરો કરવો), એષ્યમ (શારીરિક ઊંડી તપાસ, ઘા પડ્યો હોય તો તેની પણ તપાસ), લેખ્યમ (ચામડીમાં છેદ કરવા) વેધમ (સૂઈથીકાણું પાડવું), વિશ્રાવ્યમ (પસને સાફ કરવું) સીવ્યમ (સાંધવું) સર્જરીની જગ્યાએ રુઝ લાવવા તે દવા ભરેલા રૂનાં પેડ વાપરતા.

(૨) લખો . (૨)

૧) સુશ્રુતે વિકસાવેલ કુલ ઉપકરણો -

૨) પ્લાસ્ટિક સર્જરીના જનક - ☐

૩) સુશ્રુત કઈ સદીમાં થઈ ગયા - ☐

૪) સુશ્રુત સંહિતામાં કેટલી જાતની સર્જરીનું વર્ણન - ☐

(૩) લખો . (૨)

(૧) વિરોધી શબ્દ લખો .

૧) બેડોળ -__________ ૨) અર્વાચીન -__________

(૨) નીચેના શબ્દો માટે ગદ્યાંશમાં વપરાયેલા શબ્દો શોધો .

૧) ડોક્ટર - __________ ૨) પિતા -__________

(૪) 'ભારતની મહાન વિભૂતિઓની અનન્ય શોધો વર્તમાનની તમામ શોધોની જનની છે .'
તમારો મત સ્પષ્ટ કરો . (૨)

(ઈ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો . (૦૪)

(૧) આકૃતિબંધ પૂર્ણ કરો . (૨)

ચારે દિશાઓના મુખ્ય યાત્રાધામો

ભારતીય ધર્મ અને સાહિત્ય પ્રાચીન સમયથી રાષ્ટ્રીય એકતાનો પાઠ ભણાવે છે. તમામ કાવ્ય ગ્રંથો, પછી ભલે તે ઉત્તર કે દક્ષિણના હોય, રામાયણ અને મહાભારતને તેમના પ્રેરણા સ્ત્રોત બનતા આવ્યા છે. સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશના આમ્નાયા અને કાવ્ય ગ્રંથો ઉત્તર અને દક્ષિણમાં સમાન રીતે માન્ય છે. કાલિદાસના 'રઘુવંશ' અને ભવભૂતિના 'ઉત્તરમચરિત'માં ઉત્તર અને દક્ષિણના પ્રાકૃતિક દ્રશ્યોનું ખૂબ જ સુંદરતા સાથે વર્ણન કરવામાં આવ્યું છે.
હિંદુ તીર્થયાત્રામાં ધાર્મિક લાગણીની સાથે રાષ્ટ્રીય ભાવના પણ સહજ છે. ઉત્તરમાં ગંગોત્રીની એક વિશિષ્ટ શિવભક્ત જાહ્નવી દક્ષિણમાં પાણી લાવી હતી.સીમાના રામેશ્વરમમાં મહાદેવનો અભિષેક કરવામાં આવે છે. ભારતની ચારેય દિશાઓમાં ઉત્તરમાં બદ્રી-કેદાર, દક્ષિણમાં રામેશ્વરમ, પૂર્વમાં જગન્નાથ અને પશ્ચિમમાં દ્વારકાપુરીની પૂજા થાય છે. તુલસીકૃત રામાયણનો મરાઠી અને બંગાળીમાં પણ અનુવાદ થયો હતો. લગભગ તમામ પ્રાંતોના ગાયકો દ્વારા સૂરદાસના સ્તોત્રને અપનાવવામાં આવ્યું હતું. બંગાળીના 'વંદે માતરમ' અને 'જન-ગણ-મન' રાષ્ટ્રીય ગીતો બન્યા. પહેરવેશ, જીવનશૈલી અને દેખાવમાં તફાવત હોવા છતાં, ભારતના લોકો તેમના વંશીય વ્યક્તિત્વ દ્વારા દ્વારા ઓળખાય છે.

(૨) લખો . (૨)

૧) તુલસીકૃત રામાયણનો અનુવાદ - __________,__________

૨) ઉત્તર અને દક્ષિણ પ્રાકૃતિક દ્રશ્યોનું વર્ણન - ______________,______________

## વિભાગ -૨ પદ્ય (૧૬ ગુણ)

કૃતિ -૨ (અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો . (૦૬)

(૧) આકૃતિબંધ પૂર્ણ કરો . (૨)

૧) પદ્યમાં આવેલા સાહિત્ય સ્વરૂપો
- ______
- ______

૨) આશા અને નિર્ભયતા જેની ફિલસૂફી છે તે
- ______
- ______

કોઈ કલા સ્વરૂપે જગતથી જુદા બનો,
નકશો બનો, કવિતા બનો, વારતા બનો.
અવગણના એક વાત અલગ છે,
શરમ જુદી, વિવશતા ત્રીજી વાત છે,
બસ ત્યાં જ ના બનો.
ઋષિ, મુનિ, નબીની બીજી ફિલસૂફી છે શું ?
જે કંઈ બનો તે આશા તથા ભય વિના બનો.
પગભર તો છો તમે, હવે આગળ તમારું કામ,
રસ્તો બનો તમારો, તમારી દિશા બનો.
છે પ્રેમ એને યાદગીરીની જરૂર છે,
કંઈ પણ અગર બની ન શકો, બેવફા બનો.
મહેફિલ હો દોસ્તોની કે જાહેરસભાનો મંચ,
જ્યાં પણ જવાનું થાય, તમારી જગા બનો.

દુનિયાનું આખું ક્ષેત્ર એ સાહિત્ય ક્ષેત્ર છે,
એમાં કોઈ કવિતા બનો વારતા બનો.
હો ઉપકરણ અનેક, ના એની નથી જરૂર,
બે ત્રણ પ્રસંગ ગૂંથી સળંગ વારતા બનો.
કિશ્તી અમારી કોઈ રીતે ડૂબતી નથી.
એક જ ઈલાજ છે કે તમે નાખુદા બનો.
જોવું છે કેટલો છે, તમારા હૃદયમાં પ્રેમ.
મારા નહીં તો કોઈ બીજાના જરા બનો.
ચૈતન્ય હક છે પ્રેમનો, શોભા છે રૂપની,
એ વાજબી નથી કે તમે સ્થિરતા બનો.
દુનિયાનાં બંધનોથી જો હોય છૂટવું 'મરીઝ',
બસ આજથી તમે જ તમારા ખુદા બનો.

(૨) કાવ્યને આધારે કોનો /કોની /કોનું તે લખો . (૨)

૧) દુનિયા ક્ષેત્ર છે -__________

૨) જેને પ્રેમ છે તેને જરૂર છે - __________

૩) મંચ -__________

૪) મહેફિલ -__________

(૩) " આપણા ઘડવૈયા બાંધવ આપણે " વિશે લખો . (૨)

(આ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો . (૦૬)

(૧) આકૃતિબંધ પૂર્ણ કરો . (૨)

કાવ્યમાં આવેલા કવિઓનાં નામ
- ______
- ______
- ______
- ______

| | |
|---|---|
| કવિતા મને ગમે છે.<br>જાત જ્યાં મારી, મને નિતારી ઝીણું ઝીણું ઝમે છે !<br>કવિતા મારું ઘર ને શબ્દ મારો ઉતારો ! અક્ષર કેરી<br>અટારીએથી ખેલું બાવન બા'રો! પરા કશું ના<br>પહેરેઓઢે, પશ્યન્તિ પડે જઈ પોઢે, ઘાટ મધ્યમા ઘડે,<br>ચાકડે ચડે વૈખરી. લાડેકોડે છાલકછોળે લાગટ ઊઠે –<br>શમે છે ! ગોરખ, કબીર, નરસિંહ, મીરાં અને આપણો<br>અખો, લોયણ, તોરલ, દાળલ, રૂપાંદે, ડાલી, ગંગાસતી,<br>આગળ-રવિભાણ આદિ ને યાદી મારા સુધી લખો ! | વાણી ગગન ઝળૂબે, નવલખ તારા લૂમેઝૂમે,<br>ચાંદોસૂરજ તેજ પીવે ને, આખેઆખી કોઢ<br>શબ્દની કેવી ધમધમે છે ! શું કામ હું બીજે<br>મંદિર જાઉં કે બીજે જળ ચડાવું ? શાને પેટાવું<br>બીજો દીવો ? શીદ બીજે શિશ નમાવું ?<br>શબ્દ દેવળ, શબ્દ દીવો, શબ્દ આરતી-સંધ્યા-<br>ધૂપ, ક્ષર-અક્ષર શું ? અજર અમર શું ? ચર-<br>અચર કે અવર કશું શું ? સાહેબ શબ્દસ્વરૂપ<br>અરૂપી રીત રમે છે ! |

(૨) કોણ તે કાવ્યના આધારે લખો . (૨)

૧) લૂમે ઝૂમે -______________ ૨) ધમધમે -______________

૩) તેજ પીવે -______________ ૪) ગગન ઝળૂબે -______________

(૩) 'કવિતા મને ગમે છે ' કાવ્યનો રસાસ્વાદ કરાવો . (૨)

(ઈ) નીચેનામાંથી કોઇપણ એક કાવ્યનો રસાસ્વાદ કરવો . (૪)

૧) શિવાજીનું હાલરડું

૨) વિશ્વશાંતિ

## વિભાગ -૩ સાહિત્યપ્રકાર (૧૨ ગુણ)

કૃતિ -૩(અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો . (૦૬)

(૧) કોષ્ટક પૂર્ણ કરો . (૪)

| પનિહારી | આપેલી એંધાણી | અર્થ |
|---|---|---|
| એક | | |
| બે | | |
| ત્રણ | | |
| ચાર | | |

ભવાને માંડીને વાત કરી કે "અમે પરદેશી મનખ સીએ, બાર બાર મહિના ઉપર અમે ચાર બાયુંને ત્યાં સો સો રૂપિયા થાપણ મેલી સે. પણ અટાણે અમે ઇ બાયું-બેનુંને ઓળખતા નથી."

'...પણ ઈમણે કાંઈ ઠામ-ઠેકાણું કે એંધાણી આપી સે ?"

તો નત્યુ કહે કે : "એક બાઇએ એવી એંધાણી આપી સે કે જીના પેટમાં પાણી ના ઘેર થાપણ લેવા આવજો."

"હંઅઅઅ.. બીજી એંધાણી આપી સે ?"

"બીજીએ એવું કીધું સે કે જીના પેટમાં મોવાળા હોય ઈના ઘેર પૈસા લેવા આવજો."

ત્યારે કુંવરો મેવાડો કહે કે : "ત્રીજીએ ? ત્રીજી બાઈએ શું એંધાણી આપી સે ?"
"ત્રીજીએ એવું કીધું સે જીના પેટમાં દાંત હોય ઇના ઘર થાપણ લેવા આવજો.'
'...ને ચોથીએ ?"
"ચોથીએ એવું કીધું સે કે જીના પેટમાં ગર્ભ હોય ઇના ઘેર આવજો."
"અરે ભલા આદમી ! આમાં આટલા બધાં શીદ અકળાઈ ગ્યા સૌ ? આતો મને આવડે સે ! હાંભળોઃ જીના પેટમાં પાણી એટલે જીના ઘેર નાળિયેરીનો છોડવો હોય ત્યાં જજો. જીના પેટમાં મોવાળા એટલે જીના ઘેર આંબો હોય ત્યાં જજો, ઇના પેટમાં દાંત એટલે જીના ઘેર દાડમડીનો છોડવો હોય ઈના ઘેર જજો અને જીના પેટમાં ગર્ભ એટલે જીના ઘેર કેળનો રોપો હોય ઈના ઘેર જજો."
પાકાં પારસ જાંબુ જેવા આભલામાં વીજળી ઝબૂકે ને જેવું અથાળું થાય એવું અજવાળું ચારેય ના અતરમાં થયું ! ચારેય ભેરુબંધ રાજી રાજી થઈ ગયા ને કુંવરા મેવાડાને કહેવા માંડયા કે "ભાઈ, ભલુંથજો તારું ,તે' તો અમને આંધળાને દેખતા કરીને મારગ ચીંધ્યો ."

(૨) મિત્ર વિશે લખો . (૨)

(આ) નીચેના પ્રશ્નના જવાબ્ લખો .(કોઇપણ એક) (૪)

૧) 'બુદ્ધિધન સૌથી શ્રેષ્ઠ ,વિકટ પ્રશ્નોનો આપે ઉકેલ '- તમારો મત વ્યક્ત કરો .

૨) ગુજરાતી લોકકથાના પ્રકાર લખો .

(ઈ) ૫૦ થી ૬૦ શબ્દોમાં જવાબ લખો .(કોઇપણ એક) (૨)

૧) લોકસાહિત્યનું સ્વરૂપ વર્ણવો .

૨) લોકસાહિત્યના સંવર્ધનમાં સ્ત્રીઓનું યોગદાન સ્પષ્ટ કરો .

## વિભાગ -૪ વ્યાકરણ (૧૪ ગુણ)

કૃતિ -૪ સૂચના પ્રમાણે કરો . (૧૪)

(૧) સંધિ છોડો . (૨)

અ) વિષમ = વિ +____

બ) પુસ્તકાલય = પુસ્તક +___

(૨)સંધિ જોડો . (૨)

અ) દેવ+આલય =___________

બ) સમ્ +વાદ =___________

(૩) શબ્દયુગ્મ ની જોડી લખો . (૨)

અ) વાજતે _________

૧) ઓછી ૨) ગાજતે ૩) પીણી

બ) રૂપ _________

૧) રંગ  ૨) થર  ૩) કાચું

૬) વત્તી ________

૧) વધારે  ૨) ચાલતા ૩) ઓછી

૬) અગડં ________

૧) તીગડં  ૨) બગડં  ૩)ચગડં

(૩) રૂઢિપ્રયોગના અર્થની યોગ્ય જોડી જોડો . (૨)

| અ | | બ | |
|---|---|---|---|
| ૧. | કાગનો વાઘ કરવો | ક. | સહી કરવી |
| ૨. | મતુ મારવું | ખ. | હૈયાનો હાર |
| ૩. | પાણીમાંથી પોરા કાઢવા | ગ. | વાતનું વતેસર કરવું |
| ૪. | આંખનું રતન | ઘ. | નાના નાના દોષ શોધવા |

(૪) એક શબ્દના અનેક અર્થ લખો . (૨)

૧) દંડ - ______________,______________

૨) મંગળ - ______________,______________

(૫) નીચેના તળપદા શબ્દો માટે માન્ય ભાષાના શબ્દો લખો . (૨)

૧) ડોબું -________________ ૨) ચંત્યા -________________

૩) કીમ -________________ ૪) દન -________________

(૬) કાળ પરિવર્તન કરો . (૨)

૧) અમે માનસરોવર જવા નીકળ્યા (ભવિષ્યકાળ)

૨) હું દરરોજ ક્રિકેટ રમું છું . (ભૂતકાળ)

**વિભાગ -૫ લેખનકૌશલ્ય (૧૮ ગુણ)**

કૃતિ -૫ (અ) નીચેનામાંથી કોઇપણ ત્રણ કૃતિ કરો . (૧૮)

(૧) મુદ્રિત શોધનના ચિન્હોનો અર્થ લખો . (૬)

૧) # - ____________________

૨) bold or clear -____________________

૩) ∠ -______________

૪) /:/;/' -______________

૫) /// -______________

૬) run on -______________

(૨) નીચે આપેલા પરિચ્છેદનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરો . (૬)

**Development of a personality is incomplete without games. They are useful for the growth of our mind body. Sports need physical efforts as well as imaginative power and tolerance. Sports teach us how to face defeats, how to make friends and how to be happy in other's happiness. These great moral virtues are not created in a person by merely studying books. Sports make one healthy, sociable, amiable, humble, and large- hearted.**

(૩) તમારી કોલેજમાં આયોજિત મેદાનમાં થનાર રમત સ્પર્ધાનું વ્યવસ્થાપન આચાર્યએ તમને સોપ્યું છે .તો તે માટેની રૂપરેખા તૈયાર કરો . (૬)

(૪) તમારી કોલેજમાં આયોજિત શિક્ષક દિવસના કાર્યક્રમના સંચાલન માટેની સંહિતા તૈયાર કરો. (૬)

(૫) ' કોલેજ જીવન ' વિષય પર બ્લોગ લેખન કરો . (૬)

M. K. SANGHVI JUNIOR COLLEGE OF COMMERCE MUMBAI-49